# ઈડીઆઈઆઈ દ્વારા 'ઈન્ફ્યુઝિંગ ટેકનોલોજી ઈન એમએસએમઈ સેક્ટર' પર બે દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)એ એમએસએમઈ ક્ષેત્રેનવીનતા અને ટેક્નોલોજીકલ પ્રગતિને પ્રોત્સાહન આપવાના હેતુથી માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (એમએસએમઈ) સેક્ટરમાં ટેક્નોલોજીનો અમલ કરવા પર બે દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કર્યું હતું.

સુશ્રી મર્સી ઈપાઓએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, "અમે એમએસએમઈ સેક્ટરમાં નવીનતા અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા તરફના બેનમૂન પરિવર્તનના સાક્ષી હોવાથી, હું ઉદ્યોગસાહસિકોને વાઈબ્રન્ટ ઈકોસિસ્ટમ્સ, સહાયક નીતિઓ અને સંશોધન પર ધ્યાન કેન્દ્રિત કરીને ઉપલબ્ધ વિપુલ તકોનો લાભ લેવા પ્રોત્સાહિત કરું છું. આવો, સામૂહિક રીતે એમએસએમઈક્ષેત્રને ઉન્નત કરીએ અને આર્થિક વૃદ્ધિમાં નોંધપાત્ર યોગદાન આપીએ. મંત્રાલયના ઉદ્દેશ્યોને આગળ વધારવામાં અને દેશના આર્થિક વિકાસમાં અર્થપૂર્ણ યોગદાન આપવા માટે ઈડીઆઈઆઈની મુખ્ય ભૂમિકાને હું બિરદાવું છું."

શ્રી ખંભાતાએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, "આર્થિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપવાનું લક્ષ્ય રાખતા એમએસએમઈઉદ્યોગસાહસિકો માટે ઉદ્યોગસાહસિક કુશળતા એ એક મુખ્ય પરિબળ છે. ઉદ્યોગસાહસિકોમાં ઉચ્ચ ઉદ્યોગસાહસિકતા વ્યાપાર ઈકોસિસ્ટમને મજબૂત બનાવે છે, એક સ્થિતિસ્થાપક અને ટકાઉ મોડલ બનાવે છે, આ કોન્ફરન્સડોમેનમાં નોલેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા તરફવૃદ્ધિ માટે એક મોટું પગલું છે."

ડૉ. સુનિલ શુક્લાએ તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, "એમએસએમઈ એકમોતમામ દેશોમાં અર્થતંત્રના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા આવ્યા છે. ભારતમાં વિવિધ લાભદાયી એમએસએમઈસંબંધિત યોજનાઓ અને નીતિઓ છેઅને તે આ ક્ષેત્રને મજબૂત કરવા માટે સતત માર્ગો અને માધ્યમો સ્થાપિત કરવા માંગે છે. આ કોન્ફરન્સ આ ક્ષેત્રમાં પહેલને મજબૂત કરવામાં મદદ કરશે. આ ખૂબ જ વિચારશીલ પહેલને સમર્થન આપવા બદલ હું એમએસએમઈમંત્રાલયનો આભાર વ્યક્ત કરું છું."